


## ભારતે અણુસક્ષમ અગ્નિ-૩ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું

બાલાસોર(ઓડિશા), તા. 6(PTI): ભારતે આજે શુક્રવારે ઓડિશાના ચાંદીપુર તટ પરથી પરમાણુ શસ્ત્ર વહન માટે સક્ષમ 'અગ્નિ-3' બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ મિસાઈલ 3,000 કિલોમીટરથી વધુની પ્રહાર મર્યાદા ધરાવે છે. સપાટીથી સપાટી પર પ્રહાર કરતી આ મિસાઈલને સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ (SFC)ના જવાનો દ્વારા યુઝર ટ્રેનિંગ કવાયતના ભાગરૂપે મોબાઈલ લોન્ચરથી લોન્ચ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મિસાઈલને પ્રોડક્શન લોટમાંથી રેન્ડમ રીતે પસંદ કરવામાં આવી હતી. આ પ્રક્ષેપણ દ્વારા તમામ ઓપરેશનલ અને ટેકનિકલ માપદંડોની પુષ્ટિ કરવામાં આવી હતી. ઓટો-લોન્ચ કમાન્ડ આપ્યા બાદ, બે તબક્કાની સોલિડ-પ્રોપેલ્ડ મિસાઈલે નિર્ધારિત ઉડ્ડયન માર્ગ પર ઉડાન ભરી હતી અને બંગાળની ખાડીમાં પૂર્વ-નિર્ધારિત લક્ષ્ય વિસ્તારમાં ચોકસાઈ સાથે પહોંચી હતી. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના સૂત્રોએ જણાવ્યું હતું કે આ પરીક્ષણે મિશનના તમામ ઉદ્દેશ્યો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. આ 17 મીટર લાંબી મિસાઈલના વિવિધ માપદંડો અને તેની ગતિવિધિઓ પર પૂર્વી કિનારા પરના રડાર, ટેલિમેટ્રી અને ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ સિસ્ટમ દ્વારા રિયલ ટાઈમમાં નજર રાખવામાં આવી હતી. ઈમ્પેક્ટ પોઈન્ટ પાસે તૈનાત બે જહાજોએ મિસાઈલના અંતિમ પડાવની વિગતો નોંધી હતી. અગ્નિ-3 તેની શ્રેણીની સૌથી અત્યાધુનિક અને સચોટ મિસાઈલોમાંની એક છે અને તેને ભારતીય સશસ્ત્ર દળોમાં સામેલ કરવામાં આવી ચૂકી છે. તે 1.5 ટન વજનના પેલોડને 3,000 કિલોમીટરથી વધુના અંતર સુધી લઈ જવા માટે સક્ષમ છે.



» ફેબ્રુઆરી ૧૧ થી શરૂ થનારા ૨૦૨૬ ના નાઈસ કાર્નિવલની તૈયારી વખતુ, ફ્રાન્સના નાઈસમાં આવેલી એક વેરહાઉસમાં વિશાળકાય શિલ્પોની સામે વામન જેવો લાગતો એક કારીગર. આ વાર્ષિક ઉત્સવમાં વિશાળ માથાઓ અને અન્ય શિલ્પો ધરાવતા ફ્લોટ્સ આકર્ષણનું કેન્દ્ર હોય છે.

# અમેરિકાના સૌથી ખરાબ ગુનેગારોની યાદીમાં ૮૯ ભારતીયો

**અમેરિકાના** ઇમિગ્રેશન વિભાગ દ્વારા ધરપકડ કરાયેલા સૌથી ખરાબ ૨૫૦૦૦ ગુનેગારોની યાદી જાહેર કરાઇ, જેમાં ૮૯ ભારતીયો છે

**આ** ભારતીયો મોટે ભાગે નાણાકીય ગુનાઓ માટે દોષિત ઠર્યા છે, ૨૧ જણા હુમલો, ચોરી જેવા ગુનાઓ માટે જ્યારે ૧૭ જણા જાતીય અપરાધો માટે દોષિત ઠર્યા છે, એક વ્યક્તિ માનવવધની દોષિત

વૉશિંગ્ટન, તા. ૬: અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS) એ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રના ઈમિગ્રેશન અમલીકરણ અભિયાનના ભાગરૂપે 'Arrested: Worst of Worst' નામનું એક નવું સાર્વજનિક ડેટાબેઝ લોન્ચ કર્યું છે. 2025માં આ અભિયાન શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ICE દ્વારા ધરપકડ કરાયેલા 25,000 ઈમિગ્રન્ટ્સની યાદીમાં ઓછામાં ઓછા 89 ભારતીયોના નામ સામેલ છે. આ યાદીમાં સામેલ 89 ભારતીય વ્યક્તિઓમાંથી મોટાભાગના નાણાકીય અને હિંસક ગુનાઓ માટે દોષિત ઠર્યા છે.

DHSની આ સર્ચ કરી શકાય તેવી વેબસાઈટે 25,000 પરપ્રાંતિયોના નામ, મગશોટ્સ (જેલના ફોટા), ધરપકડનું સ્થળ અને કથિત ગુનાઓ પ્રસિદ્ધ કર્યા છે. આ વ્યક્તિઓને વર્સ્ટ ઓફ ધ વર્સ્ટ (સૌથી ખરાબ ગુનેગાર) તરીકે લેબલ કરવામાં આવ્યા છે, જેમની ધરપકડ નાણાકીય છેતરપિંડી, હિંસક ગુનાઓ, ડ્રગ ટ્રાફિકિંગ, જાતીય સતામણી અને અન્ય આરોપો હેઠળ કરવામાં આવી છે.



## મોદીએ રશિયાને પરમાણુ હથિયારોના ઉપયોગ કરતા અટકાવ્યું

**પોલેન્ડના** નાયબ વિદેશ મંત્રીનો મોટો ઘટસ્ફોટ

વોરસો (પોલેંડ), તા. 6: પોલેન્ડના ઉપ વિદેશ મંત્રી વ્લાદિસ્લાવ બાર્ટોશેવ્સ્કીએ આંતરરાષ્ટ્રીય સ્તરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકાની પ્રશંસા કરતા કહ્યું કે રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન પીએમ મોદીએ અત્યંત મહત્વપૂર્ણ હસ્તક્ષેપ કરીને પરિસ્થિતિને વધુ વણસતી અટકાવી હતી. બાર્ટોશેવ્સ્કીના દાવા મુજબ, વર્ષ 2022ના અંતમાં પીએમ મોદીએ રશિયા પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે સીધી વાતચીત કરી હતી અને તેમને યુક્રેનમાં 'ટેક્ટિકલ ન્યુક્લિયર ડિવાઈસ' (વ્યૂહાત્મક પરમાણુ હથિયાર)નો ઉપયોગ ન કરવા માટે રાજી કર્યા હતા. આ ઘટના પીએમ મોદીની સકારાત્મક અને જવાબદાર વૈશ્વિક નેતા તરીકેની છબીને મજબૂત કરે છે. બાર્ટોશેવ્સ્કીએ વધુમાં જણાવ્યું કે, ભારત આજે વિશ્વમાં જે ભૂમિકા ભજવી રહ્યું છે તેને નજરઅંદાજ કરી શકાય તેમ નથી. પોલેન્ડ ભારતને એક જવાબદાર વૈશ્વિક શક્તિ તરીકે જુએ છે.




## ફિલ્મ 'ઘુસખોર પંડિત'ના ટાઈટલથી વિવાદ સર્જાયો



**બ્રાહ્મણ** સમુદાયના અપમાનના આક્ષેપ સાથે યોગી સરકારની કડક કાર્યવાહી

**યોગી** આદિત્યનાથના નિર્દેશ પર નીરજ પાંડેની ફિલ્મ સામે એફઆઈઆર નોંધાઈ

**કેન્દ્રએ** નેટફ્લિક્સને ફિલ્મના ટીઝર અને તમામ પ્રમોશનલ સામગ્રી હટાવી દેવા કહ્યું

**માયાવતી** અને VHPએ પ્રતિબંધની માંગ કરી

લખનઉ, તા. 6 (પીટીઆઈ): હિન્દી ફિલ્મ 'ઘૂસખોર પંડત'ના ટાઇટલને લઈને શુક્રવારે મોટો વિવાદ ઊભો થયો હતો. નેટફ્લિક્સ પર રિલીઝ થયેલા આ ટીઝરમાં મનોજ બાજપેયીને એક ભ્રષ્ટ પોલીસ અધિકારી 'અજય દીક્ષિત' ઉર્ફે 'પંડત' તરીકે દર્શાવવામાં આવ્યો છે. આ શીર્ષક સામે રાજકીય પક્ષો અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ ઉગ્ર વિરોધ નોંધાવતા તેને 'જાતિવાદી' ગણાવ્યું હતું. વિરોધ કરનારાઓનું કહેવું છે કે આ ફિલ્મ જાણીજોઈને બ્રાહ્મણ સમુદાયને નિશાન બનાવવા અને તેમને ખરાબ રીતે ચિતરવા માટે બનાવવામાં આવી છે. બસપા પ્રમુખ માયાવતી અને વિશ્વ હિન્દુ પરિષદે પણ આ મામલે કડક વાંધો ઉઠાવી ફિલ્મ પર પ્રતિબંધની માંગ કરી હતી. આ વિવાદની ગંભીરતાને ધ્યાનમાં લેતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશ પર લખનૌ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. હઝરતગંજ પોલીસ સ્ટેશનમાં ફિલ્મના નિર્દેશક અને ટીમ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. યુપી સરકારના જણાવ્યા મુજબ, સામાજિક દુશ્મનાવટ ફેલાવવા, ધાર્મિક અને જ્ઞાતિની લાગણી દુભાવવા તેમજ જાહેર શાંતિ ભંગ કરવાના પ્રયાસ બદલ આ ગુનો નોંધાયો છે.

# રિઝર્વ બેન્કે વ્યાજ દરો યથાવત રાખ્યા

**ફુગાવો** વાજબી સ્તરે રહેતા અને અમેરિકાના ટેરિફની ચિંતાઓ હળવી થતા રેપો રેટ ૫.૨૫ ટકા પર યથાવત, RBIએ તેનો ન્યુટ્રલ પોલીસી અભિગમ જાળવી રાખ્યો

**આરબીઆઇએ** આગામી સમગ્ર નાણાકીય વર્ષનો આર્થિક વૃદ્ધિનો અંદાજ જાહેર કરવાનું એપ્રિલ સુધી મુલ્તવી રાખ્યું

મુંબઈ, તા. 6(PTI): ભારતીય રિઝર્વ બેંકે શુક્રવારે તેના મુખ્ય વ્યાજ દરો અપેક્ષા મુજબ યથાવત રાખ્યા છે, કારણ કે ફુગાવો વાજબી સ્તરે રહ્યો છે અને બજેટમાં સરકારી ખર્ચમાં વધારો તેમજ અમેરિકા સાથેના વેપાર સોદા પછી ટેરિફના દબાણમાં થયેલા ઘટાડાને કારણે આર્થિક વૃદ્ધિ અંગેની ચિંતાઓ ઓછી થઈ છે.

મધ્યસ્થ બેંકની છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટી (MPC) એ રેપો રેટ 5.25 ટકા પર સ્થિર રાખવા માટે સર્વાનુમતે મતદાન કર્યું હતું. આરબીઆઈએ તેનું 'તટસ્થ' પોલિસી વલણ જાળવી રાખ્યું છે, જે સંકેત આપે છે કે તે હાલ પૂરતું દરોમાં ફેરફાર કરશે નહીં. અગાઉ આ અઠવાડિયે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય વસ્તુઓ પરના ટેરિફ 50 ટકાથી ઘટાડીને 18 ટકા કરવાની જાહેરાત કરી હતી, જેનાથી ભારતની અર્થવ્યવસ્થા અને બજારો પરનું એક મોટું દબાણ દૂર થયું છે. અગાઉ ડિસેમ્બરની બેઠકમાં બેંકે વ્યાજ દરમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો.

ગવર્નરે ઉમેર્યું હતું કે, વધતા ભૂરાજકીય તણાવ અને અનિશ્ચિતતાની વચ્ચે, ભારતીય અર્થતંત્ર મજબૂત વૃદ્ધિ અને નીચા ફુગાવા સાથે સારી સ્થિતિમાં છે.

